માર્ચ : ૨૦૦૭

## પરિષદવૃત્ત

**સંકલન: અનિલા દલાલ**

ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત રવીન્દ્રભવન, મહાત્મા ગાંધી સ્મારક અને સુરક્ષા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે બંગાળીના પ્રસિદ્ધ વિવેચક પ્રો. સ્વપન મજુમદારે તા. ૩૦-૧-૨૦૦૭ના રોજ હરિજન આશ્રમ, સાબરમતીમાં Two Lonely Wayfarers in the Dark Night એ વિષય પર અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. તે પછી શ્રી દેવવ્રત રાય દિગ્દર્શિત દસ્તાવેજી ફિલ્મ 'The Poet and the Mahatma'નું પ્રસારણ થયું. શ્રોતાઓએ બન્ને કાર્યક્રમો મન ભરીને માણ્યા. આરંભમાં રવીન્દ્ર સંગીતનો કાર્યક્રમ પણ હતો.

♦

ગુજરાતી સાહિત્ય પરિષદની શ્રી ચંદ્રકાન્ત શેઠ બાલસાહિત્ય વ્યાખ્યાનમાળામાં શ્રી યશવંતભાઈ મહેતાએ 'શિક્ષણમાં બાલસાહિત્ય' એ વિષય પર મૈત્રી વિદ્યાપીઠના (સુરેન્દ્રનગર) સહયોગમાં તા. ૩૧-૧-૨૦૦૭ના દિવસે મનનીય વક્તવ્ય આપ્યું.

♦

ગુજરાતી સાહિત્ય પરિષદ અને 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના સંયુક્ત ઉપક્રમે તા. ૩-૨-૨૦૦૭ના રોજ 'સાહિત્યના અધ્યાપનની સજ્જતા' એ વિષય પર એકદિવસીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. સૌનું સ્વાગત કરી પરિષદમંત્રી અનિલા દલાલે જણાવ્યું કે સો જેટલા ગુજરાતીના અધ્યાપકોનું એકસાથે પરિષદમાં થયેલું આ મિલન એક અપૂર્વ ઘટના કહેવાય. પરિષદપ્રમુખ કુમારપાળ દેસાઈએ, અતિથિવિશેષ ધીરુભાઈ પરીખે, અધ્યાપક સંઘના પ્રમુખ સતીશભાઈ વ્યાસે ઉદ્ઘાટનબેઠકમાં પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં. સંઘનાં મંત્રી કીર્તિદા જોશીએ સંઘની પ્રવૃત્તિઓનો પરિચય આપી સૌનો આભાર માન્યો. પછીની બેઠકોમાં ધીરુભાઈએ સાહિત્યના અધ્યાપનની સજ્જતા વિશે, વિનોદ જોશીએ કવિતાના અધ્યાપનની અને જયંતિ ગોહિલે કથાસાહિત્યના અધ્યાપનની વિશેષતાઓ વિશે સુંદર રજૂઆત કરી. અધ્યાપકોએ રસપૂર્વક ચર્ચામાં ભાગ લીધો હતો.

♦

ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગમાં પરિષદે તા. ૧૦-૨-૨૦૦૭ના રોજ 'આત્મકથનાત્મક લખાણો' એ વિષય પર એકદિવસીય પરિસંવાદનું આયોજન કર્યું હતું.

♦

'આપણો સાહિત્યવારસો' અંતર્ગત દિવંગત ગદ્યસર્જકોની રચનાઓમાં પઠનના કાર્યક્રમમાં તા. ૧૩-૨-૨૦૦૭ના દિવસે વિનોદ અધ્વર્યુએ પરિષદપ્રમુખ કુમારપાળ દેસાઈની અધ્યક્ષતામાં સાક્ષરશ્રી આનંદશંકર ધ્રુવની રચનાઓમાંથી ભારતીય તત્ત્વજ્ઞાન અને ધર્મ વિશેના દાર્શનિક ખંડો, તેમજ 'અહિંસા' અને 'તંતુયજ્ઞ'માંથી અંશોનું આસ્વાદલક્ષી પઠન કર્યું. સાહિત્યિક ખંડોમાં 'કવિતા' વિશેના લેખમાંથી કવિતાના અમૃત સ્વરૂપ અને કવિતા આત્માની કલા એ અંશો વાંચી, આનંદશંકરે નિર્દેશેલી કવિતા અને વાગ્મિતા(rhetoric)ની ભેદરેખા વિશેના અંશનું પણ વિવરણયુક્ત પઠન કર્યું. આરંભમાં અનિલા દલાલે



આનંદશંકરના અભ્યાસી અને ચાહક વિનોદભાઈનો પરિચય આપ્યો. અંતે, પ્રમુખશ્રીએ આભાર સહિત સમાપન કર્યું.

♦

ગુજરાતી સાહિત્ય પરિષદ, ભારત-પાકિસ્તાન-બાંગ્લાદેશ સાંસ્કૃતિક મંચ તથા ગુજરાત બિરાદરીના સંયુક્ત ઉપક્રમે શ્રી વ્રજલાલ દવે વ્યાખ્યાનમાળાનું શિક્ષણવિષયક વ્યાખ્યાન શ્રી મનસુખ સલ્લાએ તા. ૧૮-૨-૦૭ના રોજ 'શિક્ષણક્ષેત્ર અને આનંદક્ષેત્ર' વિશે જામનગર મુકામે આપ્યું. શિક્ષણ કેવી રીતે આનંદનો સ્રોત વહાવી શકે તેની વાત તેમણે દૃષ્ટાંતો સહિત રજૂ કરી શ્રોતાઓને મુગ્ધ કર્યા.

♦

ગુજરાતી સાહિત્ય પરિષદની શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે તત્ત્વચિંતક પંડિત સુખલાલજી સવા શતાબ્દી પરિસંવાદ તા. ૧૭-૨-૨૦૦૭, મુંબઈમાં યોજાયો. પરિષદ અને ભારતીય વિદ્યાભવનના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮-૨-૨૦૦૭ના રોજ મુંબઈમાં નવોદિત લેખકોની કાર્યશિબિર યોજાઈ.

♦

તા. ૨૧-૨-૦૭ની સાંજે ડૉ. સતીશ વ્યાસે ક. લા. સ્વાધ્યાયમંદિરના ઉપક્રમે 'નાટ્યલેખનની કાર્યશાળામાં' એ વિષય પર યુનિવર્સિટી વ્યાખ્યાન આપ્યું હતું.

♦

### શ્રદ્ધાંજલિ સભા

તા. ૧૫-૨-૨૦૦૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે કવિ-ગઝલકાર જગદીશ વ્યાસ, કર્મશીલ વાર્તાકાર જનક ત્રિવેદી, કટારલેખક-મનોવૈજ્ઞાનિક રજનીકાંત પટેલ, અનુવાદક ઉમા રાંદેરિયા, ચિત્રકાર-સંગીતકાર અને વાર્તાકાર મનેષચંદ્ર કંસારા, પત્રકારત્વ સાથે સંકળાયેલા કિરીટ ભટ્ટ તેમજ સમાજવાદી કટારલેખક હિંમત ઝવેરીને અનુક્રમે પ્રવીણ પંડ્યા, કિરીટ દૂધાત, ર. લ. રાવળ, અનિલા દલાલ, માધવ રામાનુજ તેમજ પ્રકાશ ન. શાહે શ્રદ્ધાંજલિ અર્પી હતી. દિવંગત લેખકોના વ્યક્તિત્વના અને સર્જનનાં પાસાંઓને પ્રગટ કરતો સમગ્ર કાર્યક્રમ ગરિમાપૂર્ણ રહ્યો.

♦